GJSK180002972026

| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૦૨/૦૩/૨૦૨૬ | |
| નોધ્યા તારીખ | : | ૦૨/૦૩/૨૦૨૬ | |
| ફેંસલ તારીખ | : | **૧૧/૦૩/૨૦૨૬** | |
| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૯ |

**ઈડરના મે.ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ શ્રીની કોર્ટમાં, મુકામ-ઈડર**

**ફોજદારી પરચુરણ અરજ નં.૧૩૭/૨૦૨૬**
**આંક : ૮**

**અરજદાર :** (૧) **રમેશભાઈ બાબુભાઈ પરમાર,** ઉ.વ.આ.૨૦,
(૨) **મુકેશભાઈ ભીખાભાઈ પરમાર,** ઉ.વ.આ.૨૪
બન્ને રહે.બેડી., તા.પોશીના,જી. સાબરકાંઠા

**વિરૂધ્ધ**

**સામાવાળા :** શ્રી સરકાર

**અરજ :-** **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે.**

**અરજદાર પક્ષે વિ.વ.શ્રી : બી.એસ.વાઘેલા/બી.આઈ.લીમાણી**
**સામાવાળા પક્ષે વિ. સ્પે.પી.પી.શ્રી : એ.જે.પટેલ**

**// ચુ કા દો //**

(૧) આ કામના અરજદાર/ આરોપીઓએ તેઓની વિરૂધ્ધ નોંધાયેલ ખેરોજ પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૨૦૯૦ ૦૩૨૬૦૦૮૭/૨૦૨૬, ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫

(એ,ઇ), ૮૧,૮૩ મુજબના ગુનાના કામે રેગ્યુલર જામીન મુકત થવા હાલની અરજી કરેલ છે.

અરજદાર/આરોપીઓ તરફે તેમની અરજીના સમર્થનમા આંક–૩ ના પુરાવા લીસ્ટથી એફ.આઇ.આર.ની ખરી નકલ તેમજ જામીન અરજી અને તે લગતના હુકમ ની નકલ રજુ કરેલ છે.

(૨) અરજદારની અરજી રજૂ થતાં આ કામે સામાવાળા શ્રી સરકાર તરફે નોટિસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિ.સ્પે.પી.પી.શ્રી એ.જે.પટેલ આંક–૫ ની પુરસીસ આધારે હાજર થયેલા છે અને આંક–૭ થી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામુ રજુ કરેલ છે.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રી વાઘેલાએ તેઓની અરજીના સમર્થનમા દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર/આરોપીને ચીફ જયુડી.મેજી.ખેડબ્રહમા કોર્ટમા તારીખ :૨૭/૦૨/૨૦૨૬ ના રોજ રજુ કરેલ અને તે સમયે અરજદાર/આરોપીઓએ જામીન મુકત થવા સારૂ જામીન અરજી રજુ કરેલ છે જે ના.કોર્ટે જામીન અરજી નામંજુર કરેલ ત્યારથી અરજદાર/આરોપીઓ જયુડીશીયલ કસ્ટડીમાં છે. અરજદાર/આરોપીઓ ઉપર ખોટી રીતે હેરાન પરેશાન કરવા માટે તેમની વિરૂધ્ધમાં ખોટો ગુનો દાખલ કરેલ છે અને આ ગુના વિશે અરજદાર/આરોપીઓ જાણતા પણ નથી અને ખોટી રીતે અટક કરવામાં આવેલ છે. અરજદાર/આરોપીઓ તદ્દન નિર્દોષ છે અને અરજદાર/આરોપીઓના કબજામાંથી કોઈપણ જાતનો મુદ્દામાલ કબજે લેવામાં આવેલ નથી અને આવા પ્રકારના ગુન્હાઓ કરવા માટે ટેવાયેલા નથી અને અરજદાર/આરોપીઓ બાળ બચ્ચાવાળા અને જવાબદારીવાળા માણસ છીએ અને તેમના કુટુંબમાં કમાનાર એકજ

માણસ છે અને તેમના શીરે તમામની જવાબદારી છે અને નાના બાળકો છે. અરજદાર/આરોપીઓને જામીન મુકત કરવામા આવે તો તેઓ કોર્ટ ફરમાવે તમામ શરતોનું અને કોર્ટ જયારે હાજર રહેવા કહશે ત્યાં અચુક હાજર રહેશે અને સાથ સહકાર પણ આપશે. જેથી અરજદાર/આરોપીઓને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા પક્ષે વિ.સ્પે.પી.પી.શ્રી દ્વારા તેઓએ રજુઆત કરેલ છે કે, આ કામના બન્ને અરજદાર/આરોપીઓએનાઓને આરોપી નં-૩ મુદામાલ મંગાવનાર-અશ્વિનભાઈ કાંન્તીભાઈ ગમાર રહે.સામૈયા તા.દાંતા નાએ ગે.કા નો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો બોલેરો પીકઅપ ગાડી ચેચીસ નંબર MA 1Z N 2GHKC 1B 23512 તથા એન્જીન નંબર GHC 1B 16975 માં ભરી આપતા અરજદાર/આરોપીનાઓ અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટના વિદેશી દારૂ ની બોટલો કુલ નંગ-૩૩૦૦ ની કિ.રૂ.૫,૬૧,૬૦૦/- તથા બોલેરો પીકઅપ ગાડીની કિંમત રૂપિયા-૩,૫૦,૦૦૦/- ની તેમજ બે એન્ડ્રોઇડ ફોન જેની કિંમત રૂપિયા-૮,૦૦૦/-મળી કુલ કિંમત રૂપિયા-૯,૧૯,૬૦૦/-ના મુદામાલ સાથે હાલના અરજદાર/આરોપીઓ પકડાઇ જઇ આરોપીઓએ ગેરકાયદેસર રીતે હેરાફેરી કરી એકબીજાની મદદગારી કરી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે તેમના કબજામાંથી મુદ્દામાલ મળેલ છે. તેમજ હાલ તપાસમાં ચાલુ છે. આરોપીઓ ગુજરાતમાં દારૂબંધી હોવાનું જાણવા છતાં પોતે આર્થીક લાભ મેળવવાના આશયથી તે બીજા સહ આરોપીઓ સાથે મળી વિદેશી દારૂ મંગાવી ચુપકીથી વિદેશી દારૂ વેચવાની પ્રવૃતિમાં સંડોવાયેલ છે અને આ

કામના અરજદારોની આવી ગેરકાયદેસરની વિદેશી દારૂ માલવહન તેમજ વેચવાની પ્રવૃતિથી યુવાધન નશાના રવાડે ચડી બરબાદ થઇ રહેલ છે અને અરજદાર/આરોપીઓને જામીન આપવામાં આવે તો તે ફરીથી વિદેશી દારૂ મુદ્દામાલની હેરાફેરી તેમજ વેચાણવૃતિને વેગ આપી કાયદો અને વ્યવસ્થા ઉપર અસર પાડી શકે તેમ હોઇ અને ગંભીર પ્રકારનો ગુનો હોય જેથી હાલની અરજદાર/આરોપીઓની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજદાર/આરોપીઓ તરફે વિ.વ.શ્રીની તેમજ વિ.સ્પે.પી.પી.શ્રીની રજુઆત, તપાસ કરનાર અમલદારે રજુ કરેલ એફીડેવીટ, એફ.આઇ.આર. તેમજ તપાસના કાગળો લક્ષમાં લીધા. વધુમા આ કામે અરજદાર આરોપીઓનો ગુનામાં પ્રથમદર્શનીય રોલ ધ્યાને લેતા, હાલના અરજદાર/આરોપીઓ ખૂબજ મોટા જથ્થામાં પોતાના કબજાની એક બોલેરો પીકઅપ ગાડીમાં અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટના વિદેશી દારૂ ની બોટલ નંગ-૩૩૦૦ ની કિ.રૂ.૫,૬૧,૬૦૦/-નો મુદામાલ ભરી હેરાફેરી કરી પકડાઇ ગયેલ હોવાનો ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. વધુમાં ગુનાની તપાસ ચાલુ છે. વધુમાં હાલના અરજદાર/આરોપીઓ દ્વારા ગુજરાતમાં દારૂબંધી હોવાનું જાણવા છતાં પોતે આર્થીક લાભ મેળવવાના આશયથી બીજા સહ આરોપીઓ સાથે મળી વિદેશી દારૂ મંગાવી ચુપકીથી વિદેશી દારૂ વેચવાની પ્રવૃતિ કરેલ છે અને જેના કારણે ગુજરાતનો યુવાધન નશાના રવાડે ચડી બરબાદ થઇ રહેલ છે અને અરજદાર/આરોપીઓ પાસેથી પ્રોહી મુદ્દામાલ પણ વધુ પ્રમાણમાં જપ્ત થયેલ છે અને પ્રથમદર્શનીય રીતે ગુનામાં સંડોવાયેલ હોય તેમ

જણાઇ આવે છે. જેથી આ તબકકે અરજદાર–આરોપીઓને જામીન મુકત કરવામા આવશે તો ફરીથી આવા પ્રકારના ગુના આચરવામા અચકાશે નહી. વધુમા હાલના ગુનાની તપાસ પણ ચાલુ છે તેમજ સહ આરોપીને પકડવાના બાકી છે જેથી હાલના અરજદારોને જો જામીન મુકત કરવામા આવે તો તપાસ ઉપર અસર ઊભી થાય તેમ જણાઈ આવે છે. તેમજ આરોપીઓએ હાલના ગુનામાં ભજવેલ ભાગ અને આરોપીઓનું કૃત્ય ગંભીર પ્રકારનું હોવાનુ પણ એફીડેવીટ પરથી જણાઈ આવે છે તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ વડી અદાલતના ચુકાદાઓ અને તેના માર્ગદર્શન સિધ્ધાંતો ધ્યાને લેતાં તેમજ આરોપીઓએ હાલના ગુનામાં ભજવેલ ભાગ જે તમામ હકીકતો ધ્યાને લેતા પણ અત્રેની અદાલતને પ્રાપ્ત થયેલ, તેની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી હાલના અરજદાર/આરોપીઓને હાલના તબકકે જામીન મુકત કરવાનુ ન્યાયોચિત જણાઈ આવતુ નથી. જેથી ન્યાયના વિશાળહીતમા નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## /// હુકમ ///

(૧) અરજદાર/આરોપીની હાલની જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : **૧૧ મી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : ઇડર
તારીખ :૧૧/૦૩/૨૦૨૬
****NVP****

**( કે.એસ.હિરપરા)**
ઇ/ચા.ત્રીજા અધિક સત્ર ન્યાયાધીશ
સાબરકાંઠા–ઇડર
જજ કોડ જીજે૦૦૫૦૪